સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

આમ તો ખેડૂને માંગથી વધારે મળી ગયું છે,
ઝીણું ઝીણું કરી ખૂબ વધારે દળી દીધું છે,
રળી લીધું છે મહેનત વગર રડી-રડીને -
'ભોળા' સરદારોએ સરકારને છળી લીધું છે.

હાઈકુ

ફસાયા ખોટ
ગૂમાનની ગાંઠમાં
'કાયદો રદ્દ'

આપ્યા વિના જ
માત્ર રણકારથી
આપતાં શીખો!

ચિંતન

ततः स्यादार्तिबाधिका गैहदैहिक बाधिकां ।
आसक्तिः सैव मार्गेऽस्मिन गृहस्थावास्थयकारिका ॥

ઉપરોક્ત શ્લોક બૃદત શિક્ષાપત્રમાંથી લેવાયેલ છે.

પ્રેમભાવ થયાથી ગૃહકાર્ય અને દેહકાર્યનો બાધ કરનારી આસક્તિ થાય છે. આ અન્ય રોગને નિવૃત્ત કરનારા ભગવદાસક્તિ ગૃહસ્થને અવસ્થ્ય કરે છે.

ગૃહદેવ સંબંધી લૌકિક વૈદિક કાર્યો સંબંધી આશક્તિ ભગવદ્ભાવમાં બાધક છે. આ પુષ્ટિમાર્ગમાં ભગવાનશક્તિ જ પરમ ધર્મ છે, જેની આતુરતા પ્રભુમાં છે એવો ગૃહસ્થ ઘરમાં કેવી રીતે સ્વસ્થ રહી શકે? એથી ઊલ્ટું જે જીવનું ચિત્ત ગૃહકાર્યમાં સ્વસ્થ છે તે જીવ પુષ્ટિમાર્ગમાં કેવી રીતે સ્વસ્થ હોઈ શકે? આ પ્રકારે એમ સિદ્ધ થયું કે જેની આશક્તિ પ્રભુમાં તેનાથી દેહસંબંધી વૈદિક - લૌકિક ક્રિયા સંતોષકારક રીતે નહિ થાય.

પ્રભુમાં આસક્તિ થયાથી સર્વ પ્રપંચનું વિસ્મરણ કરાવે તેવો પ્રપંચસ્ફૂર્તિનો નાશ થાય છે.

સુવિચાર

- સ્નેહ, સંતોષ અને સમતા વડે જ શાંતિ પમાશે - **બોધિવૃક્ષ**
- હૃદય જો હોય સારું, તો સકળ સંસાર સારો છે,
  હૃદય જો હોય નઠારું, તો સકળ સંસાર ખારો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જૈસે તલ મેં તેલ હૈ, ચકમક મેં હૈ આગ, તૈસે તુજ મેં તેરા સાંઈ, કબીરા - જાગ સકે તો જાગ - **કબીર**
- પગ આપણા જ હોય તો પણ રસ્તા બધા આપણા હોતા નથી,
  આપણે તો ચાલતા જ રહેવું ને રસ્તો આપણો કરતાં રહેવું - **લાભશંકર દવે**
- રાંધેલા ચોખાનો દાણો વાવ્યે ઊગતો નથી, કાચું ધાન વાવવાથી જ કૂંપળ ફુટે છે, એ રીતે સિદ્ધ, પૂર્ણ, થયા પછી જે મૃત્યુ પામે તે ફરી જન્મતો નથી પણ, અસિદ્ધ,
  અપૂર્ણ માનવી હોય તે, સિદ્ધ ન થાય ત્યાં સુધી ફરી ફરી જન્મે છે - **રામકૃષ્ણ પરમહંસ**
- મનહૃદય ને વિશુદ્ધ કરે તે જ સાચું જ્ઞાન, બીજું બધું અજ્ઞાન - **વિનોબા**
- આજનું ઔષધ : મોઢામાં ચાંદા પડ્યા હોય તો જામફળના પાન ને ચાવી રસ ગળી જવો, દિવસમાં ત્રણેક વાર કરવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક જહાજના અનુભવી અને હોંશિયાર નાવિકે એકવાર ડ્યુટી ઉપર નશો કર્યો. જહાજના કેપ્ટને આ વાતની નોંધ રજીસ્ટરમાં કરી. બીજા દિવસે નાવિકે આ નોંધ વાંચી. એની નોકરી જોખમમાં મૂકાય એવું થયું. એણે કેપ્ટનને કહ્યું, 'તમે રજીસ્ટરમાં નીચે એક ટિપ્પણી કરો કે ઋણ વર્ષથી આ હોંશિયાર નાવિકે નોકરી કરે છે, પણ આવું પહેલી જ વાર બન્યું છે કે એણે નશો કર્યો.' કેપ્ટને કહ્યું, 'મેં લખ્યું છે તે સાચું લખ્યું છે.' નાવિકે કહ્યું, 'કેપ્ટને કહ્યું, 'મેં લખ્યું છે તે સાચું લખ્યુ છે, હવે હું કશું ઉમેરવાનો નથી.' થોડા દિવસ પછી રજિસ્ટરમાં નોંધ કરવાનું નાવિક ની જવાબદારીમાં આવ્યું એણે નોંધમાં લખ્યું કે 'આજે કેપ્ટને નશો કર્યો નથી અને શાન-ભાન ગુમાવ્યું નથી.' કેપ્ટને આ નોંધ વાંચી નાવિકને કહ્યું, 'આવી નોંધ? એનો અર્થ એવો થાય કે કેપ્ટન રોજ નશો કરતો હશે. માત્ર આજે નથી કર્યો માટે નોંધ કરવામાં આવી છે.' નાવિકે કહ્યું, 'મેં લખ્યું છે તે સત્ય છે.' કેપ્ટનને હવે સમજાયું કે બીજાને નુકશાન થાય તેવું સંપૂર્ણ સત્યને સત્યનું લેબલ મારવાનું યોગ્ય ન હતું. જેવા સાથે તેવા અને શેરને માથે સવાશેર હોય જ છે. બીજાને નુકશાન કરવાની વૃત્તિ ન રાખવી જોઈએ.

બે લોકપ્રિય કલાધરોની વિદાય

તંત્રીસ્થાનેથી...

ફક્ત બે દિવસના અંતરે ગુજરાતે દેશને આપેલા બે નામાંકિત કલાધરોએ આ ફાની દુનિયાને 'અવવિદા' કહી દીધું છે. મૂળે વડનગર નજીકના ખોબા જેવડા ઊંડાઈ ગામના તરગાળા નાયક - નટુભાઈ કે જે 'તારક મહેતા કા ઊલટા ચશ્મા' જેવી પ્રલંબિત ટીવી શ્રેણીને કારણે ભારે લોકપ્રિયતા મેળવી ચૂકયા હતા એવા 'નટુકાકા'ની વિદાયથી નાનો પડદો રાંક બન્યો છે. નટુભાઈની જિંદગી અન્ય ફિલ્મી સ્ટારો જેવી ઝાકઝમાળવાળી નહોતી એમને અભિનય તો વારસામાં મળ્યો હતો. કારણ કે એ ભવાઈવેશના આદ્ય સંશોધક અસાઈતના વંશજ હતા. એમના પ્રપિતામહ, દાદા અને પિતા પણ નાટ્ય અને અભિનય ક્ષેત્રે સંકળાયેલા હતા. નટુકાકાએ ગૌણ પાત્ર તરીકે અનેક ગુજરાતી અને હિંદી ફિલ્મોમાં નાનામોટા રોલ કર્યા હતા. એમણે ઐશ્વરા રાયને ભવાઈ નૃત્ય શીખવ્યું હતું. પરંતુ એમને ખરી પ્રસિદ્ધિ તો 'તારક મહેતા...' શ્રેણીએ આપી. એ જાણે આખા કલાકાર વૃંદના વંદનીય વડીલ હોય એમ બધા એમને આદરની દૃષ્ટિથી જોતા હતા. કેન્સર જેવી જીવલેણ બીમારી સામે પણ દૃઢ મનોબળથી ઝઝૂમ્યા અને પોતે અભિનય કરતાં કરતાં દેહ છોડવા માગતા હતા એ લાગણીને માન આપી એમના મૃતદેહને પણમેક-અપ કર્યા પછી અગ્નિદાહ અપાયો. વતન પરસ્તી તો એવી કે નવરાત્રીની આઠમે ઊંઢાઈ આવી જ જતા. માતાજીમાં અપ્રતિમ શ્રદ્ધા ધરાવતા કલાધરની ખોટ વર્ષો સુધી સાલતી રહેશે. એમની પાછલ ને પાછળ 'લંકેશ' ના હુલામણા નામે જાણીતા 'રામાયણ' શ્રેણીના સૌથી લોકપ્રિય કલાકાર અરવિંદ ત્રિવેદીએ નશ્વ દેહ છોડી એમના આરાધ્ય દેવ શિવજીના કૈલાસ ભણી કૂચ કરી છે. અરવિંદ ત્રિવેદી મૂળે ઈડર નજીકના કુકડિયા ગામના વતની હતા, પણ પિતાશ્રી અને માતા નાનકડી નોકરી કરતા ઉજ્જૈન રહેતાં હોઈ જન્મ મધ્યપ્રદેશમાં. અરવિંદબાઈ બંધુ ત્રિપુટી પૈકી સૌથી નાના. જયેષ્ય બંધુ ભાલચંદ્ર ત્રિવેદી શિક્ષણ વિદ્ હતા. વચેટ ઉપેન્દ્ર ત્રિવેદી તો ગુજરાતી ફિલ્મક્ષેત્રે 'અભિનય સમ્રાટ' ની ખ્યાતિ ધરાવે છે. અરવિંદભાઈએ ગુજરાતી અને હિંદી ફિલ્મોમાં અભિનયનાં અજવાળાં જરૂર પાથર્યાં પણ વધુ નામાંકિત ઉપેન્દ્ર ત્રિવેદી થયા. રામાનંદ સાગરની કડક ઓડિશન કસોટીમાં એ નાવિકના રોલની અપેક્ષાએ ગયેલા પણ રાવણના રોલ માટે પસંદ થયા. એ રોલ એટલો જીવંત રહ્યો કે એની સામે મહાનાયક રામનું પાત્ર ઝંખવાઈ ગયું. અરવિંદ ત્રિવેદીએ સંપૂર્ણ શરણાગતિ સાથે એ રોલ ભજવ્યો હતો. એ ઘરેથી રામ, રાવણ અને બેઉના ઈષ્ટદેવ શિવની પૂજા કરીને જ નીકળતા. લાંબા ડાયલોગ અસરકારક ટોન તથા મુખમુદ્રા સાથે બોલતા ત્યારે સમય પણ થંભી જતો. એમને રાવણ રચિત તાંડવસ્ત્રોત્ર કંઠસ્થ હતું જે સાબરકાંઠાની લોકસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના કદાવર નેતા સામે વિજય અપાવવા ખપ લાગ્યું હતું. જો કે અરવિંદ ત્રિવેદીની રગકાર્યકર્તા કરતાં સવિશેષ કલાકારની હોઈ પાંચ વર્ષ પછી એ સાવ નવાં સવાં આદિવાસી મહિલા ઉમેદવાર સામે હારી ગયા હતા. અરવિંદ ત્રિવેદીને રાજય સરકારે વિશેષ એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. આ એવોર્ડ એનાયત કરનાર તત્કાલિન મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનાં બીજી વારનાં પત્ની નિશા ગામેલી સામે જ એ લોકસભાની ચૂંટમી હારી ગયા હતા! સાદ્યંત સરળ, નિરભિમાની વ્યક્તિત્વ ધરાવતા આ મહાન કલાકારે ઈડરના પાદરમાં જ મકાન બંધાવી લોકસભાની ધૂણી ધખાવી હતી. જો કે પ્રજાને જે પ્રકારના 'ચલતા પુર્જા' લોકપ્રતિનિધિઓ ખપે છે એવાં એ કયારેય નહોતા બની શક્યા. એ મુદ્દે એમના જયેષ્ઠ બંધુ ઉપેન્દ્ર ત્રિવેદી એમના કરતાં ઘણા સફળ રાજપુરુષ સાબિત થયા હતા. ઈડર પાસેના કુકડિયા ગામે આવા બે દિગ્ગજ કલાકારો આપ્યા એટલું જ નહીં, પણ એ બેઉએ રાજકારણમાં પણ રોલ ભજવ્યો તે ગુજરાતના રાજકીય ઈતિહાસનું એક આગવું પ્રકરણ છે. દિવંગત નટુકાકા અને અરવિંદ ત્રિવેદીને પરમ ગતિ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના કરીએ.

હે ભગવતી ! તમે ખરેખર દયાળુ છો

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧) ઋષિ માર્કન્ડેયે રાજા સુરથને કહ્યું -

મહિષાસુર ભારે પરાક્રમી હતો. ભગવતી દુર્ગાએ તેની સેના અને તેનો નાસ કર્યો. એટલે દેવો હરખાઈ ગયા. શક્ર (ઈન્દ્ર) વગેરે આ દેવો એમની સ્તુતિ કરવા લાગ્યા.

(૨) દેવોએ કહ્યું -

તમે બધા દેવો અને મહર્ષિઓ માટે પૂજનીય છો. અમારા તમને પ્રણામ. તમારા પ્રભાવ અને સામર્થ્યનું વર્ણન તો બ્રહ્મા અને મહાદેવ પણ કરી શકે તેમ નથી. સજ્જનોના ઘરમાં તમે લક્ષ્મી છો. યુદ્ધમાં તમે જે પરાક્રમ બતાવ્યું, એનું વર્ણન અમે તો શું કરવાના હતા? યજ્ઞ સમયે દેવતાઓને તૃપ્તિ જેનાથી થાય, 'સ્વાહા' તમે છો. પિતૃઓના તર્પણ સમયે જે 'સ્વધા' હોય, એ તમે છો. અમને આશ્ચર્ય આ છે - તમારું ચંદ્રબિંબ જેવું નિર્મળ મુખ જોઈને કોઈને ક્રોધ ન થાય. આ મહિષાસુરને ક્રોધ તો થયો, પ્રહાર પણ કર્યો ! તમારું મુખ હવે ક્રોધાયમાન થયું. ગુસ્સામાં લાલચોળ થઈ ગયું. આ જોઈને પણ એણે પ્રાણ ન છોડી દીદા. ગુસ્સે થયેલા યમરાજનું મુખ જોઈને પછી કોમ જીવતો રહી શકે ? તમે ગુસ્સે થાવ, તો કેટલાય કુળોનો નાશ કરી શકો છો. એ આ જગતના કલ્યાણ માટે જ હોય છે. તમે જેના પર પ્રસન્ન હો, કોઈ પણ પ્રદેશમાં એને સન્માન મળે છે. તમારી જ કૃપાથી સજ્જનો પોતાનાં ધાર્મિક કાર્યો કરી શકે છે, પુણ્ય મેળવે છે, અને સ્વર્ગે જાય છે. હે દુર્ગા ! માત્ર તમારું સ્મરણ કરવાથી, તમે સૌ કોઈના ભયોને દૂર કરી દો છો, દરિદ્રતા, દુઃખ અને ભયનો નાશ કરો છો. બધા ઉપર એક સરખી દયા રાખો છો. તમારું ચિત્ત દયાથી ભીંજાયેલું છે. રાક્ષસોને યુદ્ધમાં એટલા માટે મારો છો કે પછી એની વીરગતિ થાય અને સ્વર્ગ મેળવે. નહિતર તમે ધારો, તો દૃષ્ટિમાત્રથી એમને ભસ્મ કરી શકો. અરે દેવિ! તમારું શીલ જ દુર્જનોની હલકી વૃત્તિઓને શમાવી દે. હે દેવિ ! આ ત્રિશૂળથી તમે અમારી રક્ષા કરો. હે અંબિકા ! બધી રીતે અમારી રક્ષા કરો.

(૩) ઋષિ માર્કંડેયે રાજાને કહ્યું -

આ રીતે દેવોએ સ્તુતિ કરી. દેવીની પૂજા કરી.

(૪) દેવીએ કહ્યું -

હે દેવો ! તમારે જે ઈચ્છા હોય, તે માગી લો.

(૫) દેવોએ કહ્યું -

તમે જે કાંઈ કર્યું છે, તે અમારા માટે પૂરતું છે. અમારા શત્રુ મહિષાસુરને મારી આપ્યો એટલે બસ છે. તેમ છતાં, તમારે વરદાન આપવું જ હોય તો; આટલું કરો. અમે જયારે જયારે તમને યાદ કરીએ, ત્યારે હાજર થજો અને અમારી જે કોઈ આપત્તિ હોય; તે દૂર કરજો. માત્ર અમે જ નહિ, જે કોઈ તમારી આ સ્તુતિ કરે; એ દરેક મનુષ્યનાં સંપત્તિ, વૈભવ અને પરિવારની નિરંતર વૃદ્ધિ થતી રહે. આ માટે તૈયાર રહેજો.

(૬) ઋષિએ રાજાને કહ્યું -

હે રાજા ! આ રીતે પોતાના અને સૌ કોઈ લોકના કલ્યાણ માટે દેવોએ દુર્ગાને પ્રસન્ન કર્યા. પછી દેવીએ 'તથા અસ્તુ' કહ્યું અને પોતે અંતર્ધાન થઈ ગયાં. હે રાજા ! ત્રણેય લોકના હિત માટે ભગવતીએ જે કર્યું; તે મેં તને કહી દીધું.

ગુજરાતમાં બાજરીનું સૌથી વધુ વાવેતર કયા જિલ્લામાં થાય છે?

ગુજરાતની ભૂગોળ

૧ ગુજરાતના કયા વિસ્તારના દરિયા કિનારે બંદરોનું પ્રણામ વધુ છે?
(અ) કચ્છ (બ) સૌરાષ્ટ્ર
(ક) તળ ગુજરાત (ડ) દક્ષિણ ગુજરાત

૨ નીચેનામાંથી કયા સ્થળે ખાંડ બનાવવાનું કારખાનું આવેલ નથી?
(અ) બારડોલી (બ) જસદણ
(ક) કોડીનાર (ડ) ઊના

૩ ગુજરાતમાં બાજરીનું સૌથી વધુ વાવેતર કયા જિલ્લામાં થાય છે?
(અ) કચ્છ (બ) સાબરકાંઠા
(ક) બનાસકાંઠા (ડ) મહેસાણા

૪ સાબરમતી નદી પર બાંધવામાં આવેલ ધરોઈ ડેમ કયા જિલ્લામાં છે?
(અ) બનાસકાંઠા (બ) સાબરકાંદ
(ક) ગાંધીનગર (ડ) મહેસાણા

૫ ગુજરાતમાં ઈજનેરી ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર કયું છે?
(અ) અમદાવાદ (બ) જૂનાગઢ
(ક) મહેસાણા (ડ) મોરબી

૬ કડાણા બંધ કઈ નદી પર આવેલ છે?
(અ) મહી (બ) તાપી
(ક) નર્મદા (ડ) સાબરમતી

૭ સમગ્ર ભારતમાં ફક્ત ગુજરાતમાં શાનું ઉત્પાદન થાય છે?
(અ) અબરખ (બ) અકીક
(ક) કેલ્સાઈટ (ડ) બોકસાઈટ

૮ કઈ નદીનો કિનારો સુવાળીની ટેકરીઓ તરીકે ઓળખાય છે?
(અ) નર્મદા (બ) સાબરમતી
(ક) તાપી (ડ) બનાસ

૯ નીચેનમાંથી કયું સ્થળ દરિયા કિનારે આવેલું વિહારધામ છે?
(અ) તીથલ (બ) માથેરાન
(ક) સાપુતારા (ડ) સત્તાધાર

૧૦ પંચમહાલની શિવરાજપુરની ખાણમાંથી શું મળે છે?
(અ) જસત (બ) મેગેનીઝ
(ક) બોકસાઈડ (ડ) ચીની માટી

૧૧ ગુજરાતના ઘોડાની કઈ જાતિ પ્રખ્યાત છે?
(અ) કાઠી (બ) ઝાલાવાડી
(ક) કચ્છી (ડ) મહેસાણી

૧૨ વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન કયાં બે પ્રાણીઓનું અભ્યારણ્ય છે?
(અ) નીલગાય - રીંછ (બ) દીપડા - ચિત્તા
(ક) વાઘ - દીપડા (ડ) હરણ- સિંહ

૧૩ રણપ્રદેશમાં થતાં 'કિંગ વલ્ચર'નું ગુજરાતી નામ શું છે?
(અ) સુરખાબ (બ) રાજહંશ
(ક) રામતેતર (ડ) રાજગીધ

૧૪ દાદરા - નગર હવેલીનો કેન્દ્ર શાસિત વિસ્તાર કયા જિલ્લાની સરહદે આવેલો છે?
(અ) ભરુચ (બ) સુરત
(ક) વલસાડ (ડ) જૂનાગઢ

૧૫ વલસાડ પાસે આવેલ 'અતુલ' કારખાનું કઈ પેદાશ માટે જાણીતું છે?
(અ) પુસ્તક પ્રકાશન (બ) રંગ - રસાયણ
(ક) રાસાયણિક (ડ) કાપડ ઉદ્યોગ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ

- ૮ ઓકટોબર : વાયુસેના દિવસ
  - ઈન્ડિયન એરફોર્સની સ્થાપના
  - શિકાગોમાં લાગેલી સૌથી મોટી આગ દુર્ઘટનામાં ૩૦૦ લોકો માર્યા ગયા.
  - અમેરિકાના એક્ટિવિસ્ટ અને રાજનેતા જેસી જેકશનનો જન્મદિવસ (૧૯૪૧)
  - લોક નાયક જયપ્રકાશ નારાયણનું નિધન (૧૯૭૯)
- ૯ ઓકટોબર : વિશ્વ ટપાલ દિવસ
  - ઉસ્તાદ અમજદ અલી ખાનનો જન્મદિવસ (૧૯૪૫)
  - અફઘાનિસ્તાનમાં પ્રથમ વખત પ્રમુખ માટેની ચૂંટણી થઈ (૨૦૦૪)
  - ફ્રાન્સના રાજા ચાર્લ્સ - ૧૦માનો જન્મદિવસ (૧૭૫૭)
  - જાણીતા મનોવૈજ્ઞાનિક સિંગમડ ફ્રોઈડના દીકરી અને મશહૂર સાયકોએનાલીસ્ટ, લેખક અન્ના ફ્રોઈડનું નિધન (૧૯૮૨)
- ૧૦ ઓકટોબર : વિશ્વ મનોરોગ જાગૃતિ દિવસ
  - આર કે નારાયણનનો જન્મદિવસ (૧૯૦૬)
  - મશહૂર ઈટાલીયન કમ્પોઝર ગૂઈસ્થી વેર્ડીનો જન્મદિવસ (૧૮૫૫)
  - અમેરિકન મશહૂર ફૂટબોલ પ્લેયર બ્રેટ ફેવરેનો જન્મદિવસ (૧૯૬૯)
  - નોબેલ પારિતોષિક વિજેતા ભૌતિક વૈજ્ઞાનિક 'સુબ્રહમયમ ચંદ્રશેખર'નો જન્મદિવસ (૧૯૧૦)
- ૧૧ ઓકટોબર :
  - રાષ્ટ્રીય કેળવણીના હિમાયતી મગનભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૮૯૯)
  - અમેરિકાના પ્રથમ માનવતાવાદી અને રાજનેતા મહિલા એતેનોર રૂઝવેલ્ટનો જન્મદિવસ (૧૮૮૪)
  - અમેરિકન કોંગ્રેસે ઈરાક સામે ફોર્સનો ઉપયોગ કરવા પ્રમુખ જયોર્જ ડબલ્યુ બુશનો સત્તા આપવા બીલ પસાર કર્યું (૨૦૦૨)
  - અમેરિકન મહિલા અવકાશી યાત્રી કેથરીની સુલિવાન સ્પેશ વોક કરનાર પ્રથમ મહિલા અવકાશયાત્રી બની (૧૮૯૯)
- ૧૨ ઓકટોબર : વિશ્વ દૃષ્ટિ દિવસ :
  - કવિતા સર્જન રાજેન્દ્ર શુક્લનો જન્મદિવસ (૧૯૪૨)
  - કિસ્ટોફર કોલંબસે નવી દુનિયાની શોધ કરી (૧૪૯૨)
  - મશહૂર ઈટાલીયન ઓપેરા સિંગર લ્યુઝિયાનો પાવરોટ્ટીનો જન્મદિવસ (૧૯૩૫)
  - યુએનના મહામંત્રી કોફી અન્નાનનો શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ આપવામાં આવ્યું (૨૦૦૧)
- ૧૩ ઓકટોબર : ઈન્ટરનેશનલ ડે ફોર ડિઝાસ્ટર રિડકશન.
  - બોલીવૂડના દાદા મુનિ અશોકકુમારનો જન્મદિવસ (૧૯૧૧)
  - અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ માટે 'વ્હાઈટ હાઉસ' ઓફિસ અને ઘર માટેનો ઉપયોગ શરૂ થયો. (૧૭૯૨)
  - યુકેના મહિલા વડાપ્રધાન માર્ગારેટ થેચરનો જન્મદિવસ (૧૮૯૦)
- ૧૪ ઓકટોબર : વિશ્વ માનવ દિવસ
  - અમેરિકાના પૂર્વ પ્રમુખ ડવાઈટ - ડી એઈન્સોવરનો જન્મદિવસ (૧૮૯૦)
  - સિતાર વાદક નિખિલ બેનર્જીનો જન્મદિવસ (૧૯૩૧)
  - અમેરિકન પાયલોટ ચકયેન્ગરે સૌ પ્રથમ સાઉન્ડ બેરિયર તોડ્યું (૧૯૪૭)
  - બાબા સાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મ અંગીકાર કરવાની જાહેરાત કરી (૧૯૫૬)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં પંજાબ કોંગ્રેસના પ્રમુખ સ્થાનેથી કયા નેતાએ રાજીનામું આપ્યું ?

જવાબ : નવજોત સિંધુએ

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત રાવલ : સે-૭ (૩) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ (૭) વિશાળ એલ ઠક્કર : સે-૪ડી

આ સપ્તાહનો સવાલ

ઉત્તરપ્રદેશના કયા સ્થળે ૬ કરતા વધુ કિસાનોને કચડી નાખવાની ઘટના બની છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

નોરતાંને સંગે (આ વર્ષે) સેકટરોમાં ઉમંગ...

હળવે હૈયે
પ્રકાશ લાલા

'હલો.... હલો.... અંકલ... કેમ છો ?' અમે મા આદ્ય શક્તિની આરાધનાના પર્વ નવરાત્રિના પ્રારંભની પૂર્વ સંધ્યાએ લંડનથી લાલાકાકાને ફોન લગાવ્યો...

'અરે, પનુભાઈ ? વાહ... અમે મજામાં... ક્યાંથી બોલો છો?'

'મોંઢેથી.... ફોનમાં, અંકલ !' અમે મજાક કરી તો અંકલ અકળાયા : 'ખબર છે હવે કે બોલાય તો મોંથી જ ને મેં ફોન ઉપાડ્યો ને 'હલ્લો' કર્યું તે તમે ફોનમાં જ બોલતા હો એ ય ખબર પડી... હું એમ પૂછતો' હતો કે તમે આવી ગયા? અહીં દેશમાં - ગામમાંથી જ બોલો છો ? પનુભાઈ, આવી ગયા હોય તો સારું. તમારી જ રાહ જોઉં છું....' 'કેમ ? અમારી ગેરહાજરીમાં રોજ સવારે ચા ને પેપરનો મેળ નથી પડ્યો, અંકલ !' અમે રેડ અંકલને ગુસ્સાથી વધુ 'રેડ એન્ડ યલો' - 'લાલપીળા' કરવા પૂછ્યું... 'એવું નથી, હોં... પનુભાઈ, રોજ સવારે ચા માટે કોઈ એક ઘરને પકડવાના બદલે અલગ અલગ ચોકઠાવાસીને ત્યાં પહોંચી જાઉં છું એટલે ચા ને છાપું પતી જાય છે !!' લાલાકાકાએ મગજ ગુમાવ્યા વિના એમની મફતિયા 'મોર્નિંગ ટી'ની સ્ટ્રેટેજી અમને સમજાવી... 'તો પછી અમારી રાહ કેમ જુઓ છો, અંકલ!'

'નવરાત્રીના ફ્રી પાસ માટે !' 'ગુડ જોક હોં, અંકલ.... કોરોનાએ આ વર્ષે પણ આપણા 'લોંગેસ્ટ ડાન્સ ઓફ ધી વર્લ્ડ'ની ઊજવણીને ટાઢી પાડી દીધી છે.... પાર્ટી પ્લોટોની નવરાત્રિના મંડપો ને ધજા-પતાકાંઓને નમાવી દીધાં છે, ડેકોરેશનની લાઈટ્સ ઝગમગાટને 'ડીમ' કરી નાખ્યો છે, ગરબા ગાયકોનાં ગળાં ને માઈકોને 'મયૂટ' કરી દીધાં છે. મતલબ કે આ વર્ષેય પાર્ટી પ્લોટોમાં નવરાત્રિઓ નથી થવાની તો શેના ફ્રી પાસની રાહ જોવાની તમારી, હેં !' અમે અંકલને પૂછ્યું. 'પનુભાઈ, તમે સમજો યાર... પાર્ટી પ્લોટમાં નવરાત્રિ ઉત્સવો નહીં ઊજવાય પણ સેકટરોમાં ચોકમાં તો શેરી ગરબા થવાના ને?' 'હા, તે ? '

'હવે સેકટરની નવરાત્રિ સમિતિઓ ભારે ધામધૂમથી પાર્ટી પ્લોટની જેમ જ ગરબા કરશે ને. દરેક નવરાત્રિ સમિતિ પોતાને ત્યાં ગરબા બેસ્ટ થાય છે તે બતાવવા કોઈ કસર નહીં છોડે. પરિણામે ગરબે ઘૂમનારા ને રાસે રમનારાઓની ભીડ ત્યાં જામવાની... વળી, ગરબા કલાસીસ ને ગરબા ડ્રેસીસના બજારોમાં ગરમી ને તેજીના ન્યૂઝ વાંચીને થાય છે કે સેકટરો ને શેરીઓના ગરબામાં ય જમાવટ તો જોવા મળવાની જ...'

'યસ અંકલ, ગાંધીનગરમાં સેકટરોની નવરાત્રિની અગાઉના જેવી રોનક ને બોલબાલા ઘણા વર્ષે પાછી જોવા મળશે. યાદ છે, સેકટર-૨૦ની નવરાત્રિ ત્યારે 'ટોપ' ગણાતી ?' 'હા ને બધાં ત્યાં રમવા-જોવા ઉમટતાં !' અંકલે સેકટરોની નવરાત્રિના ભવ્ય ભૂતકાળમાં ખોવાઈ જતા બોલ્યા... 'ને અંકલ, એ વખતે પાસ ક્યાં હતા ?' અમે લાલાકાકાને કહ્યું. અંકલ ઉવાચ : 'પનુભાઈ, એ ટાઈમે પાસ ન હતા એ તમારી વાત સાચી પણ ભેટકૂપનો હતી કે નહીં ? ફંડ રેઈઝીંગ માટે સેકટરની નવરાત્રી સમિતિએ ભેટકૂપનો કાઢતા ને પકડાવતા.... પછી નોમના દિવસે કે દશેરા - શરદપુનમે 'લકી ડ્રો' થતા... અહાહા... સાઈકલ, કબાટ, પ્લંગ નહીં તો વોટર જગ, પ્લાસ્ટિકના ડબ્બા, સ્ટીલની ડીશ - ગ્લાસ લાગે તોય આનંદ આનંદ થઈ જતો, ખરું ને ?' 'હં .... અંકલ, ત્યારે થોડામાં વધુ ખુશી મેળવી લેવાનો સૌનો સ્વભાવ હતો... હવે વધુમાં ય અભાવની પીડા થકી દુઃખી થવાની આપણી પ્રકૃતિ થઈ ગઈ છે...!!' 'હા... પણ પનુભાઈ, તમે આ બધી ફિલસૂફી છોડો' અંકલ અકળાઈને બોલ્યા : 'ને મૂળ વાત ઉપર આવો... જો કોઈ સેકટરની નવરાત્રિ જામી ગઈ અને બધી ભીડ ત્યાં જામે તો સરકારે કોરોનાના કારણે શેરી ગરબામાં ય ૪૦૦ વ્યક્તિની જે મર્યાદા બાંધી છે તે સાચવવા કંટ્રોલ કરવા અને પોતાનો વટ જમાવવા એ સેકટરોની નવરાત્રિ સમિતિઓ પાસ પ્રથા અપનાવે કે નહીં ? અને એવા સારા ગરબાના સાક્ષી થવાનું છોડે મને ના પાલવે ! એટલે જરૂર પડે ત્યારે ત્યાં બેઠા ય મારા માટે 'પાસ'ની ગોઠવણ તો કરી આપવી જ પડશે, સમજ્યાને !' 'અંકલ, તમે તો ભારે લાંબુ વિચારી રાખ્યું છે... આવો વિચાર તો નવરાત્રિ આયોજકોને ય નહીં આવ્યો હોય, હોં...' અમે કહ્યું. 'વિચારી જ રાખવું પડે.... ડાહ્યા માણસની આ નિશાની છે.' 'ડાહ્યા નહીં દોઢ ડાહ્યા...? અમારે કહેવું હતું પણ 'ન બોલ્યામાં નવગુણ' કહેવત અમને યાદ આવી એટલે વાત બદલી : 'કાકા, તમે નથી ગરબે ઘૂમતા કે રાસે રમતા તો પછી નકામા રાતના ઉજાગરા ને સેકટરોની દોડાદોડી શું કામ કરવાનાં ? છોડો અમે ઘરે માતાજીના ઉપવાસ - અનુષ્ઠાન કરો.. બહુ થાય તો ગરબાની કેસેટ વગાડીને કાકી સાથે ઘરમાં ગરબાંના બે ચક્કર મારી લેવાના...' 'બસ, પનુભાઈ... ' અમને બોલતાં અટકાવી લાલાકાકા કડક અવાજે બોલ્યા : 'નો પ્રીચીંગ... ઓન્લી પાસ પ્રોમિસ....' 'ઓ.કે. જરૂર પડે તો અંકલ, મને ફોન કરજો. ટ્રાય કરીશ જો અમારું કંઈ ઉપજે તો.... અંકલ, બીજા શા ખબર છે ?'

'ખબરમાં તો મહાનગર પાલિકાની ચૂંટણીમાં બીજેપી અન્ય પક્ષોની ધોલાઈ કરીને સત્તા પર આવી ગઈ છે....' 'હા,આ ન્યૂઝ ઈન્ટરનેટ પર જોયા હતા. બિચારી કોંગ્રેસને તો પનોતી બેઠી છે... ચૂંટણીઓમાં પછડાટ પછી પછડાટ. અને 'આપ' ના ઝાડુનો જાદુ એવો ચાલ્યો કે પક્ષને જ વાળીઝૂડી નાખ્યો એવું થયું ખરુને કાકા ?' 'હા... પનુભાઈ, લોકશાહીમાં સબળ વિરોધ પક્ષ જરૂરી છે... હવે કોર્પોરેશનમાં વિરોધ પક્ષ વગર બીજેપી બેફામ બનશે, એવું નહીં થાય ?'

એક વાત નક્કી છે કે હવે દરેક બાબતમાં નાગરિકોએ આત્મનિર્ભર બનવા રેડી રહેવું પડશે... બાકી તો કહેવું પડે કે 'અભી સે રોતા હૈ ક્યા, આગે આગે દેખીયે હોતા હૈ ક્યાં !!'